GJAN020017682022

સત્य मेव जयते

કેસ દા. તા. ૦૩/૦૩/૨૦૨૨
કેસ રજી. તા.૦૩/૦૩/૨૦૨૨
જજમેન્ટ તા.૦૮/૦૮/૨૦૨૬
સમયગાળો વર્ષ–માસ–દિવસ
૦૪ – ૦૫ – ૦૫

આણંદના મે. એડીશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ શ્રી કે.એસ. માખીજા સાહેબની કોર્ટમાં. મુ. આણંદ.

ફોજદારી કેસ નં. ૧૨૨૩/૨૦૨૨
આંક–

ફરિયાદીઃ – નવીનભાઇ એસ. પટેલ તે ડી. નવીન એન્ડ કંપનીના એચ.યુ.એફ. ના પ્રોપરાઇટર
ઉ.વ.આ. ૬૯, ધંધો– પ્રેક્ટીસનર્સ,
રહે. ઠે. “નંદનવન” ગ્રાઉન્ડ ફ્લોર,
શાસ્ત્રી મેદાન નજીક, ડો. રાધાકૃષ્ણ રોડ,
આણંદ.

–// વિરુધ //–

તહોમતદાર :– ઉર્વશીબેન સમીરકુમાર પટેલ
ઉ.વ.આ. ૪૪, રહે. ઠે. ૭, આર્યનગર, અમુલ ડેરી રોડ, આણંદ–૩૮૮૦૦૧.

ગુન્હો :–ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબ

ફરીયાદી પક્ષે	– વિ. વ. શ્રી કે.પી. પટેલ.
આરોપી પક્ષે	– વિ.વ.શ્રી એ.એમ. ચૌહાણ.

–// ઠરાવ //–

(૧) આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે ટેક્ષેશન અંગેની પ્રેકટીસ કરે છે અને ફરીયાદી ડી નવીન એન્ડ કંપનીના એચ.યુ.એફ.ના પ્રોપરાઈટર છે. આરોપી વર્ષોથી ફરીયાદીને ત્યા એકાઉન્ટીંગ તથા ઈન્કમટેક્ષને લગતા કામકાજ કરાવતા હોવાથી આરોપી ફરીયાદીની ઓફીસે આવતા–જતા હોય માટે ફરીયાદી અને આરોપી વચ્ચે સંબધો કેળવાયેલા તે સંબધોના કારણે ફરીયાદી અને આરોપી એકબીજાને સારી રીતે ઓળખે છે. આરોપીએ તેઓના ધંધાના વિકાસ સારૂં ડીપોઝીટ પેટે નાણાંની જરૂરીયાત ઉત્પન્ન થતા ફરીયાદી પાસેથી રૂા. ૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દસ લાખ હાથ ઉછીના નાણાંની માંગણી કરેલ. સદર રકમ માંગણી કરતા સમયે આરોપીએ ફરીયાદીને બાંહેધરી આપેલી કે " જયાં સુધી સદર રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દસ લાખ પુરા પરત ના કરીએ ત્યા સુધી માસિક ૧% વ્યાજ ચૂકવી આપીશું ." સદર રકમ માંગણી કરતા સમયે આરોપીએ ફરીયાદીને તેમ પણ જણાવેલ કે, ટુંક જ સમયમાં તમારા આ નાણાં ચૂકવી આપીશ માટે ફરીયાદીએ આરોપીના આ કથનો ઉપર વિશ્વાસ રાખી, આરોપીએ માંગેલ રૂા. ૧૦,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ. થી તેઓને ચૂકવી આપેલા. ત્યારબાદ થોડો સમય જતા સદર બાકી લેણાં અંગે ફરીયાદીએ આરોપી પાસે માંગણી કરતા આરોપીએ જણાવેલુ કે, "ધંધા પાણી ઠંડા છે તેમજ હાલ જીવન નિંવાહ અંગેના ખર્ચાઓ છે અને તમોને હું વ્યાજ તો ચૂકવી જ આપુ છું ને" તેમજ આ લેણા નીકળતા નાણાં ટૂંક સમયમાં ચુકવી આપીશ તેવી ફકત હૈયાધારણ જ આપેલ અને બાકી નીકળતા નાણાં આરોપીએ ફરીયાદીને ચૂકવી આપેલા નહી. બાંહેધરી મુજબ આરોપીએ ફરીયાદીને થોડાક સમય સુધી વ્યાજ ચુકવી આપેલ પરંતુ છેલ્લા કેટલાક સમયથી ફરીયાદીને વ્યાજ તેમજ મૂડી ચુકવી આપેલ નથી જે

અંગેનુ ફરીયાદી ધ્વારા લેઝર એકાઉન્ટ પણ મેન્ટેન કરવામાં આવે છે જે કોમ્પ્યુટરાઈઝ લેઝર એકાઉન્ટ મુજબ ફરીયાદીને આરોપી પાસેથી આજની તારીખે રૂા. ૧૫,૮૯,૫૪૨/- અંકે રૂપિયા પંદર લાખ નેવ્યાસી હજાર પાંચસો બેતાલીસ પુરા લેવાના બાકી નિકળે છે. સદર બાકી લેણાં અંગે ફરીયાદીએ આરોપી પાસે વારંવાર ઉઘરાણી કરતાં આરોપીએ તે બાકી નીકળતા લેણા અંગે ફરીયાદીને રૂા. ૧૫,૮૯,૫૪૨/- અંકે રૂપિયા પંદર લાખ નેવયાસી હજાર પાંચસો બેતાલીસ પુરાના રકમનો સહી કરીને તેઓની એકસીસ બેંક વી.વી.નગર આણંદ શાખાનો ચેક નં. ૨૧૧૩૬૯ તા.૧૦/૧૨/૨૧ ના રોજનો આપેલ અને ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને પાકો વિશ્વાસ, ભરોસો અને ખાત્રી આપીને જણાવેલ કે સદર ચેકની તારીખે ચેક બેન્કમાં જમા કરાવશો એટલે તુરત જ તમોને ચેકની રકમ મળી જશે. આરોપી અને ફરીયાદી વચ્ચેના સંબંધોના નાતે ફરીયાદીએ આરોપીના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદર ચેક સ્વીકારેલો તે રીતે ફરીયાદી સદર ચેક સ્વીકારીને સદર ચેકનાં કાયદેસરનાં હોલ્ડર-ઈન-ડયુ કોર્સથી ધારણકર્તા બનેલાં. ઉપરોકત ચેક આરોપીએ આપેલ સુચના મુજબ ફરીયાદીએ પોતાની બેન્કર્સ બેંક ઓફ મહારાષ્ટ્ર, અણાંદ શાખામાં તા.૧૦/૧૨/૨૧ ના રોજ જમા કરાવતા સદર ચેક તા. ૧૩/૧૨/૨૧ ના રોજ "એકાઉન્ટ બ્લોક" ના શેરાથી વગર સ્વીકારે પરત ફરેલ. સદર ચેક રીટર્ન થયા અંગેની જાણ ફરીયાદીએ આરોપીને કરતાં આરોપીએ ફરીયાદીને ઉડાઉ અને ઉધ્ધત જવાબો આપેલા અને રીટર્ન થયેલ ચેકની રકમ ચુકવી આપેલ નહીં માટે નાછુટકે નાઈલાજે ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ ચેક રીટર્ન થયા અંગેની નોટીસ આરોપીને પાઠવેલી. સદર ચેક રીટર્ન અંગેની નોટીસ આરોપીને તા. ૧૨/૦૧/૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે. આમ, આરોપીને નોટીસ બજી જતા આરોપીએ તેઓના એડવોકેટશ્રી અશ્વિનભાઈ. એમ. ચૌહાણ ધ્વારા તા. ૧૪/૦૨/૨૨ ના રોજ નોટીસનો લેખિત જવાબ ફરીયાદીને પાઠવેલ જે નોટીસનો જવાબ ફરીયાદીએ વાંચેલો છે જે ખરો નથી, સાચો નથી અને ફરીયાદીને કબુલ મંજુર નથી. સદર નોટીસનો જવાબ આરોપી ધ્વારા તા. ૧૪/૦૨/૨૨ ના રોજ એટલે કે સમય મર્યાદા બહાર આપેલો છે. આમ, ફરીયાદીની બાકી નીકળતી

લેણી રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ નથી. આમ, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮,૧૪૨ મુજબ ગુનો કરેલ છે. જેથી આરોપી સામે ધોરણસરની કાર્યવાહી કરી આરોપી પાસેથી ફરીયાદીને ચેકની રકમનું વળતર અપાવવા તથા અન્ય દાદ અપાવવા હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) ફરીયાદીએ ઉપરોક્ત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી ફરીયાદ રજુ થતા દસ્તાવેજી આધારો વંચાણે લઈ સોગંદનામું ધ્યાને લઈ ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૦૪ ની જોગવાઈ અન્વયે આરોપી વિરૂધ્ધ ધિ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહું ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપીના વિ.વ.શ્રી. મારફતે હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં અત્રેની કોર્ટ દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો **આંક–૦૭** થી જવાબ(પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહું ફરીયાદનું કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪) ફરીયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવા:–

અ.ન.	વિગત	આંક
૧	ફરીયાદી નવીનભાઈ એસ. પટેલ તે ડી. નવીન એન્ડ કંપનીના એચ.યુ.એફ. ના પ્રોપરાઈટર નાઓનું સરતપાસનું	૦૪

	સોગંદનામું.	
૨	ફરીયાદી તરફે સાહેદ રૂપેશભાઇ પંકજભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની.	૩૭

<u>દસ્તાવેજી પુરાવાઓમાં:-</u>

અ.ન.	વિગત	આંક
૧.	લેઝર રીપોર્ટ.	૦૮
૨.	આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં. ૨૧૧૩૬૯ વાળો અસલ ચેક.	૦૯
૩.	આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ બેંકમાં જમા કરાવેલ તેની બેંકની પાવતી.	૧૦
૪.	ચેક નં. ૨૧૧૩૬૯ વાળો ચેક બેંકમાંથી રીટર્ન થયેલ તેનો ચેક રીટર્નમેમો.	૧૧
૫.	ફરીયાદીએ વકીલશ્રી મારફતે આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત.	૧૨
૬.	નોટીસ આરોપીને રજી. પો. કર્યાના પૈસા ભર્યાની પોસ્ટખાતાની સફેદ પાવતી.	૧૩
૭.	નોટીસ બજ્યા અંગેનો પોસ્ટખાતાનો ઓનલાઇન સ્ટેટસ રીપોર્ટ.	૧૪
૮.	ફરીયાદીની નોટીસનો આરોપીએ આપેલ જવાબ તથા વળતી નોટીસ.	૧૫
૯.	ડી. નવીન એન્ડ કંપનીના નામનું તા. ૨૪/૦૬/૨૦૧૪ ના રોજનું બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ.	૩૮
૧૦.	ચેક રીટર્ન ડીલીવરી રજીસ્ટરની ઝેરોક્ષ નકલ.	૩૯
૧૧.	ઉર્વશીબેનના ખાતાની ખરીનકલ.	૫૭
૧૨.	ઉર્વશીબેને આરટીજીએસ કરવા આપેલ ચેકની ઝેરોક્ષ નકલ.	૫૮
૧૩.	બેનીફીશ્યરી એકાઉન્ટની ડીટેઇલ્સની ઝેરોક્ષ નકલ.	૫૯
૧૪.	ફરીયાદીનું એસેસમેન્ટ વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૨૨-૨૩ નું ઇન્કમટેક્ષ રીટર્ન.	૮૪

૧૫.	ફરીયાદીના પત્ની નામે ચંદ્રીકાબેન એન. પટેલ ના ખાતાનો ઉતારો.	૮૫

આ કામે ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરેલ નથી અને આંક-૪૪ થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.

(૫) જ્યારે આ કામે આરોપી પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

<u>મૌખિક પુરાવા:-</u>

અ.ન.	વિગત	આંક
૧	આરોપી તરફે સાહેદ પ્રિન્જલભાઇ જયંતિભાઇ સોનારની સોગંદ ઉપરની જુબાની.	૫૬

<u>દસ્તાવેજી પુરાવાઓમાં:-</u>

અ.ન.	વિગત	આંક
૧.	એકસીસ બેંકનો રીકવેસ્ટ લેટર અસલ રીસીવ કોપી.	૫૦
૨.	એકસીસ બેંકનો કન્ફર્મેશન ઓફ ટ્રાન્જેક્શન લેટર અસલ.	૫૧
૩.	બેંક ઓફ મહારાષ્ટ્ર આણંદ અમૂલ ડેરી રોડ શાખાનું આરોપીનું અસલ બેંક સ્ટેટમેન્ટ.	૬૪

આ કામે આરોપી પક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરેલ નથી અને આંક-૬૬ થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.

(૬) ફરીયાદ પક્ષ તરફે પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ મોટાભાગના પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને તેમને સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે. જ્યારે આરોપીએ વિશેષમાં અમો આરોપીના પતિ તથા ફરીયાદી વચ્ચે ઇન્કમટેક્ષને લગતા કામ-કાજ અર્થે વ્યવહાર હતો. અમો

આરોપી પત્યક્ષ ક્યારેય ફરીયાદીને મળેલા નથી કે કોઇ વ્યાજે કે ઉછીના નાણાં મેળવ્યા હોઇ તેવું બનેલ નથી પરંતુ ફરીયાદી ઇન્કમટેક્ષને લગતું કામ કરતા હોઇ જેથી અમારા પતિ પાસેથી અસલ ચેકો તથા પુરાવા તરીકે લીધેલ હોઇ જે સને ૨૦૧૪ થી કોઇપણ જાતનો અમો આરોપીના પતિ સાથે ઇન્કમટેક્ષને લગતું કોઇપણ જાતનું કામ કરાવેલ નથી પરંતુ અસલ ચેકોનો દુરઉપયોગ કરી હાલની ફરીયાદ કરી નાણાં પડાવવા માટે ખોટી નોટીસ ઉભી કરી ખોટી ફરીયાદ કરેલ છે તેમ જણાવેલ છે.

(૭) બંન્ને પક્ષે પુરાવાનું સ્ટેજ પૂર્ણ થયા બાદ ફરીયાદી તરફે વિ. વકીલશ્રીએ તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૮૭ થી લેખિત દલીલ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, તેમની લેખિત દલીલ ધ્યાને લઇ આરોપીને સજા કરવા અરજ કરેલ છે.

(૮) જયારે આરોપી પક્ષે વિ.વ.શ્રીએ આંક–૯૪ થી લેખિત દલીલ રજુ કરી જણાવેલ છે કે, તેમની લેખિત દલીલ ધ્યાને લઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે અને તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

(૧) ૨૦૦૧–૦–ક્રિમી. લો. જન.–૨૪.
જોસેફ વિ. દેવાસીયા.
(૨) ૨૦૦૭(૭)–સુપ્રિમ–૫૦૦.
કે. પ્રકાશન વિ. પી.કે. સુરેન્દ્રરન.
(૩) ૨૦૦૪–૧–એએલટી(ક્રિમી.)–૪૭૪.
મેસર્સ ક્રિષ્નામ રાજુ ફાયનાન્સીસ
વિ. અબીદા સુલ્તાન અને બીજા.
(૪) ૨૦૧૪–૧૩૩–એઆઇસી–૨૭,
જહોન કે. અબ્રાહમ વિ. સીમોન સી. અબ્રાહમ.
(૫) ૨૦૧૯–૨–એસીઆર–૧૯૭૮.
બસલીંગપ્પા વિ. મુદ્દીસપ્પા.

(૬) ૨૦૦૮(૧)–સુપ્રિમ–૩૦૬.
ક્રિષ્ના જનાર્ધન ભટ્ટ વિ. દત્તાત્રેય જી. હેગડે.

(૯) ફરીયાદ પક્ષની દલીલો અને કેસનું રેકર્ડ ધ્યાને લેતા સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–// મુદ્દાઓ //–

(૧) શું ફરીયાદપક્ષ નિશં:કપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

–// કા ર ણો //–

(૧૧) સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. જેના તત્વો નીચે મુજબ છે.

➢ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો:–**

૧) આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ-૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ-૧૧૯ અન્વયે કરવાનું રહેશે.

- **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ ધ્યાને લઈએ તો :-**

કલમ-૧૧૮-વટાઉખત વિશે માની લેવાની બાબત....

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાંસુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ અને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યું હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતુ.

ખ) **<u>તારીખ વિશે :–</u>**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

ગ) **<u>સ્વીકારવાના સમય વિશે :–</u>**

સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

ઘ) **<u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

ચ) **<u>શેરાઓના ક્રમ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

જ) **<u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

➢ **<u>કલમ–૧૩૯ – ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–</u>**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં

આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૧૨) સદરહુ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૦૪ થી ફરીયાદી નવીનભાઇ એસ. પટેલ તે ડી. નવીન એન્ડ કંપનીના એચ.યુ.એફ. ના પ્રોપરાઇટર નાઓનું સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે અને તેમાં હાલની ફરીયાદ આંક–૧ માં જણાવ્યા મુજબની અને રજુ દસ્તાવેજી પુરાવાને અનુરૂપ વિગતો જણાવેલ છે. જેથી પુનરાવર્તન ટાળવા સારૂં તેની હકીકત ફરી વાર અત્રે દર્શાવેલ નથી. સદરહુ ફરીયાદીની આરોપી પક્ષે કરવામાં ઉલટતપાસમાં ફરીયાદીએ એવી હકીકતો સ્વીકારેલી છે કે, તેઓ ૪૦ વર્ષથી ઇન્કમટેક્ષમાં પ્રેક્ટિસ કરે છે, તેઓએ બી.એ. બીકોમ, એલ એલ બી નો અભ્યાસ કરેલો છે, તેઓ ઇન્કમટેક્શની પ્રેસ્ટિસ કરે છે એટલે વકીલ તરીકેની સનદ મેળવેલ છે, તેઓ વકીલાતનો વ્યવસાય કરે છે જેની વકિલ તરીકેની સનદ તેઓ આવતી મુદતે રજુ કરશે, તેમના પરિવારમાં કુલ ૪ સભ્યો છે તેમા તેમની માતા, તેમનો પુત્ર, તેમની પત્ની નામે ચંદ્રીકાબેન છે, તેમના દિકરા ધ્રુવનું કામ સી.એ. છે, તેઓ ટેક્સ પ્રેક્ટિશ્નર્સ સિવાય અન્ય કોઈ વ્યવસાય કરતા નથી, ફરીયાદી સવાલ કરવામાં આવેલ કે, હાલની ફરિયાદ ડી નવિન એન્ડ કંપનીના ભાગીદાર અને એચ યુ એફ તરીકે કરેલી છે ? જેનો ફરીયાદીએ જવાબ આપેલ છે કે, ડી નવિન એન્ડ કંપનીના પ્રોપરાઈટર નવીન એસ પટેલ એ ચ યુ એફ્ ના કર્તા તરીકે કરેલી છે ભાગીદાર તરીકે નહીં, હાલની ફરિયાદ ડી નવિન એન્ડ કંપનીના એચ યુ એફ તરિકેના પ્રોપ્રાઈટર તરીકેનો કોઈ આધાર પુરાવો કોઈ ફરીયાદ કે પુરાવાના સોગંધનામા સાથે રજુ થયેલો નથી, ડી નવિન એન્ડ કંપનીના એચ યુ એફ એટલે હિંદુ અવિભક્ત કુટુંબના કર્તા, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ છે કે, એ વાત ખરી છે કે ડી

નવિન એન્ડ કંપની એક કંપની કહેવાય ? જેનો ફરીયાદીએ જવાબ આપેલ છે કે, ડી નવિન એન્ડ કંપની એ પેઢી ના કહેવાય, ડી નવિન એન્ડ કંપનીના એચ યુ એફના હિંદુ સંયુક્ત અવિભક્ત કુટુંબના સભ્યોનો પ્રોપરાઈટરશીપ છે, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, ડી નવિન એન્ડ કંપનીના એચયુ એફ તરીકે કુટુંબના તમામ સભ્યોની જવાબદારી ગણાય ? જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, એચ યુ એફના કર્તાની નિમણુક કર્યા પછી કર્તા જ એચ યુ એફ નો સર્વે સર્વા ગણાય, તેઓ ઈન્કમટેક્ષની પ્રેક્ટિસ કરે એટલે બેંકિંગ નીતિનિયમો તથા માહિતિથી વાકેફ છે, હાલમાં તેમની પાસે ૨૦૦ થી ૩૦૦ જેટલા કસ્ટમરો છે, ઈન્કમટેક્ક્ષના કસ્ટમરો અસલ પુરાવા તેમની પાસે આપે, તમામ વેહપારીઓ ઈન્કમટેક્ષ રિટર્ન ભરવા માટે આવે, તેઓ ઈન્કમટેક્ષ ભરે એટલે વહેપારિઓને તેઓ સલાહ આપે છે અને બેલેન્સશીટ પણ તૈયાર કરે છે, તેમની પાસે વહેપારીઓ ઈન્કમટેક્ષ ભરવા આવે એટલે ફિ સ્વિકારે, વહેપારીઓના વાર્ષિક ટર્નઓવર પ્રમાણે તેઓ ફિ સ્વિકારે, કસ્ટમરની ફિ રોકડે કે ચેકથી લે છે, સને ૨૦૧૪ થી ૨૦૨૧ નાં તેમના ઈન્કમટેક્ષ રિટર્નો નામદાર કોર્ટમાં રજુ કરવા ખુશ છે, આરબીઆઈના નિયમો મુજબ એચ યુ એફ ના તમામ ખાતા બંધ કરવા પરિપત્ર થયેલ છે, વહેપારીના રિટર્ન ભરવા માટે તેમના માણસો લઈ તેમની ઓફિસમા આવે છે, તેમની ઓફિસમા કુલ ૮ કર્મચારીઓ છે, નાણાં ધિરધાર કરવા માટે લાયસંસની જરુર પડે, ફરીયાદના કામે વ્યાજે નાણા બતાવેલ છે જે નાણા ધિરધારનું લાયસંસ રજુ કરેલ નહીં, વ્યાજે નાણાં આપવાં એ ગુનો બને છે જેની તેમને અંગત જાણ છે, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, વહેપારીની ઈન્કમટેક્ષ રિટર્ન ભરિયે તે અંગેની વહેપારીની અંગત માહિતીની જાણ્ હોય છે ? જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, જેટલી માહિતિ પુરી પાડવામાં આવે તેટલી જાણ હોય છે, આરોપીના પતિ સમીરભાઈ પટેલને તેઓ ઓળખે છે, સમીરભાઈ પટેલની પોશક બાયો રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ કંપની આવેલી હતી, પ્રુથ્વી ફર્ટિલાઈજરના ભાગીદાર સમીર પટેલનું એકાંઉટ અને ઈન્કમટેશનું કામ કરતા હતાં, પ્રુથ્વી ફર્ટીલાઈજરના ભાગીદાર સમીર પટેલ તેમની ઓફિસે અવાર નવાર આવતા હતા, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, સમીર પટેલનું એકાંઉટ કેટલા સમયથી લખવાનું બંધ કરેલ છે ? જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, છેલ્લા ૩-૪ વરસથી,

સમીરભાઈ પટેલ સાથે ઘણાં સમયથી સારા સબંધો છે, સમીરભાઈ પટેલ ઘણા સમયથી બીમાર છે, સમીરભાઈના ભાગીદાર જયેશભાઈ પટેલ અમેરીકા મુકામે ભાગી ગયેલા છે, ફરિયાદ અને સોગંદનામાના પેરા–૪ કહેવાતા ૧૦,૦૦,૦૦૦ રુપિયા આર.ટી.જી.એસ.ની તારીખનો ઉલ્લેખ નથી, ફરિયાદનાં પેરા–૩ માં ધંધાનુ સ્થળ કે નામ લખેલ નથી જેમાં નોટિસ, ફરિયાદ કે પુરાવાના સોગંધનામામાં કહેવાતા ૧૦,૦૦,૦૦૦ રુપીયાનો ઉલ્લેખ નથી, તેમણે તેમની ફરીયાદ અને સરતપાસનુ સોગંધનામુ વાંચેલુ છે, આંક–૯ વાળો અસલ ચેક તેમના વ્યક્તિગત નામનો નથી, આંક–૯ વાળો ચેક તેમના વ્યક્તિગત ખાતામા ભરેલ નથી, આંક–૯ વાળો ચેક વ્યક્તિગત રીતે કાયદેશર રીતના ધારણકર્તા બનેલા નહીં, આંક–૧૦ વાળો પોર્ટફોલિયોમાં લખેલ તમામ વિગતો તમે ભરેલી નથી, તેમનું બેંકનુ કામકાજ તેઓ પોતે સંભાળે છે, આ ચેક ભરવા માટે આંક –૯ વાળા ચેક અને આંક – ૧૦ વાળા ચેકમા પોર્ટફોલિયોમા વિગતો તેમણે ભરેલ નથી, દિલિપભાઈ પટેલ તેમની સંસ્થામાં નોકરી કરે છે, આ દિલિપ પટેલ તેમના બેંકના તમામ નાણા ભરવાનું કામકાજ કરે છે, દિલિપભાઈ પટેલ આરોપીના પતિની પ્રુથ્વી ફર્ટીલાઈઝર કંપનીમા નોકરી કરતા હતાં, આંક–૯ વાળો ચેક દિલિપભાઈએ ભરેલ નથી, આંક–૯ વાળા ચેકમા લખેલ અક્ષરો કોના છે તે તેમને ખબર નથી, આંક–૯ વાળો ચેક તેમણે પોતે બેંકમા ભરેલ નથી, આંક–૯ તથા ૧૦ વાળા બંન્ને દસ્તાવેજી પુરાવામા અક્ષરો જુદા જુદા છે, તેમની નોટીસ, ફરીયાદ, સરતપાસના સોગંધનામામા ફરીયાદવાળો ચેક તેમને કઈ તારીખે કયા વરસમા આપેલ છે તે જણાવેલ નથી, આરોપીએ ૧ ટકો વ્યાજ ચુકવવાની કોઈ બાહેધરી આપેલ હોય તે દર્શાવતો હાલની ફરીયાદમા કોઈ પુરાવો રજુ કરેલ નથી, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, આંક–૯ વાળો ચેકમા તમો જાતે વ્યાજ સહિતની રકમ ભરેલ છે, જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, અમે ભરેલા ચેકમા અમે કોઈ રકમ ભરેલી નથી, તેમની નોટીસ, ફરીયાદ, સરતપાસના સોગંધનામામા તેમણે મુડી સિવાય અલગથી કેટલુ વ્યાજ થયુ તેવુ જણાવેલ નથી, વ્યાજની ગણતરી રજુ કરવા ખુશી છે, આંક–૮ વાળુ ડી નવીન કંપની નુ લેઝર એકાઉટ બતાવેલ છે, જેમાં તેમની સહી અને સિક્કો છે, આર.ટી.જી.એસ. ક્યારે કઈ તારીખે, કઈ બેંકમા કરેલ તેવી

કોઈ વિગત તેમની નોટીસ, ફરીયાદ, સરતપાસના સોગંધનામામા જણાવેલ નથી, આંક–૧ વાળી ફરીયાદના પેરા–૫ મા બાકી નિકળતા નાણા કેટલા છે તેવુ કાઈ જણાવેલ નથી, આંક–૯ વાળો ચેક એક્ષિસ બેંક નો ચેક નં–૨૧૧૩૬૯ નો છે, સને ૨૦૧૪ મા ૨૧૧૩૬૩ સીરિઝ હોય જે સને ૨૦૨૧ મા ૨૧૧૩૬૯ ની ના આવે, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, આંક–૧૧ વાળો રિટર્ન મેમો તમે જોયેલો છે ? જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, મને યાદ નથી, આંક–૧૧ વાળો બેંક રિટેર્ન મેમામા એકાઉંટ બ્લોક છે જે સ્પષ્ટ જણાવેલ છે, બેંકને લગતુ કામકાજ ના કરે એટલે એકાઉંટ બ્લોક થાય, બેંકનો નાણાકીય લેવડ દેવડ ના કરે તો એકાઉટ બ્લોક થઈ જાય, હાથ ઉછીના તથા વ્યાજની રકમ બંને અલગ અલગ છે, આરોપીના પતિ સમીર પટેલનુ એકાઉટ સને ૨૦૧૯ પછી ફરીયાદી પાસે લખાવેલુ નહીં, સને ૨૦૧૫–૧૬ના ઈનકમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમા પટેલ નવિન શાંતિલાલ લખેલ છે, સને ૨૦૧૬–૧૭ ના ઈનકમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમા પટેલ નવિન શાંતિલાલ લખેલ છે, સને ૨૦૧૭–૧૮ ના ઈન્કમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમાં નવિન શાંતિલાલ એચયુએફ પટેલ લખેલ છે, સને ૨૦૧૮–૧૯ ના ઈન્કમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમા નવિન શાંતિલાલ એચયુએફ પટેલ લખેલ છે, સને ૨૦૧૯–૨૦ ના ઈન્કમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમા નવિન શાંતિલાલ એચયુએફ પટેલ લખેલ છે, સને ૨૦૨૦–૨૧ ના ઈન્કમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમા નવિન શાંતિલાલ એચયુએફ પટેલ લખેલ છે, સને ૨૦૨૧–૨૨ ના ઈન્કમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમા નવિન શાંતિલાલ એચયુએફ પટેલ લખેલ છે, સને ૨૦૨૨–૨૩ ના ઈન્કમટેક્ષ અસલ રિટેર્નમા પ્રથમ કોલમમા નવિન શાંતિલાલ એચયુએફ પટેલ લખેલ છે, સને ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧, ૨૦૨૨–૨૩ મા ડી નવીન એન્ડ કંપની નામ જણાવેલ નથી, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, સને ૨૦૧૫–૧૬ થી સને ૨૦૧૬–૧૭, સને ૨૦૧૭–૧૮, ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ ના તમામ ઈન્કમટેક્ષના રિટર્નમા તોદારને નાણા ચુકવ્યા હોય તેવી કોઈ એન્ટરી રિટર્નમા જણાવેલી નથી, જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, રિટર્નની અંદર સરકારી ફોર્મેટ મુજબ જ એન્ટરી ભરી શકાય, તેની અંદર

એવી એન્ટરી આવે નહીં, રીટર્નમેમાના પાન નં-૨ પર નેચર ઓફ બિજનેસ જેમા સર્વિસ સેક્ટર અધર્સ લખેલ છે, સર્વિસ સેક્ટર અધરમા કોડ નં-૭૧૪ એ ફાયનાન્સિયલ સર્વિસનો કોડ નથી, સને ૨૦૧૫-૧૬ ના ઇન્કમટેક્ષ રિટર્ન સેવિગ તથા એફડીઆરનું વ્યાજ બતાવેલ છે, સને ૨૦૧૫-૧૬ ના ઇન્કમટેક્ષ મેમામા થર્ડ પાર્ટીનુ વ્યાજ દર્શાવેલ નથી, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેમના અંગત ખાતામા આવુ કોઈ વ્યાજ ઉધારેલ નથી, કોઈપણ નાણાકીય લેવડ દેવડ રિટર્નમા દર્શાવેલ ના હોય તો તે વહેવાર ગેરકાયદેસર કહેવાય, ફરીયદમા કામે રજુ થયેલા આઈટી રિટર્નમા એફડી અને સેવિંગ એકાઉટના વ્યાજની રકમ સિવાય અન્ય કોઈ વ્યાજની રકમ રિટર્નમા દર્શાવેલ નથી, આંક-૮ વાળું લેજર એકાઉટ તોદાર ઉવશીબેન સમીરભાઈનુ બતાવેલ તેમા તા. ૦૧/૦૪/૨૦૧૪ થી તા. ૩૧/૦૩/૨૦૧૮ તથા તા.૩૧/૦૪/૨૦૧૮ થી તા. ૨૧/૦૨/૨૦૨૨ સુધીનુ લેઝર એકાઉટ તેમણે જાતે તૈયાર કરી સહીઓ કરેલી છે, ચંન્દ્રિકા નવીનભાઇ પટેલ જે તેમના પત્ની થાય છે, તેઓ તેમની પત્ની ચંન્દ્રીકાબેનનો ખાતાનો અસલ ઉતારો નામદાર કોર્ટમાં રજુ કરશે, આ ફરીયાદના કામે તેમની પત્ની ચંન્દ્રીકાબેન તથા અન્ય કોઈ સાક્ષી સાહેદને તપાસવા માંગતા નથી, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, આંક-૬,૭ થી વકીલપત્ર તથા પ્લી અને આંક-૯ વાળા ચેકમા કરેલી સહી જુદી જુદી છે, જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, બધી એકજ સહી છે, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, આંક-૧૧ વાળા રિટર્ન મેમામા બેંકના અસલ સહી સિક્કા નથી, જેનો ફરીયાદીએ જવાબ આપેલ છે કે, સિક્કાની ઝેરોક્ષ છે, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, આંક-૧૧ વાળા રિટર્ન મેમામા પેજ નં-૨ અસલ રજુ થયેલ નથી, જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, નથી થયુ, આંક-૧૨ વાળી વકીલશ્રીએ તૈયાર કરેલી લિગલ નોટીસ છે જેમા તેમની સહી છે, આંક-૧૪ વાળુ ઓનલાઈન સ્ટેટમેન્ટ રજુ કરેલ છે જેમા પોસ્ટ ઓફિસના સહી અને સિક્કા નથી, આંક-૧૫ થી આરોપીએ જવાબ આપેલો જે તેમણે વાંચેલ નહી પણ તેમના વકીલશ્રીએ વાંચેલો, આંક-૯ વાળા ચેકની રકમ રૂ.૧૫,૮૯,૫૪૨/- ફરીયાદીએ રજુ કરેલ તમામ આઈટી રિટર્નોમાં ચેકની રકમ દર્શાવેલ નહીં, આંક-૯ વાળો ચેક ડી નવીન એન્ડ કંપની નામનો છે,

સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેમણે નિયમ મુજબ વ્યાજની ગણતરી કરેલ છે, આરોપીના પતિ સિવાય ફરીયાદ કરતા અગાઉ ક્યારેય વ્યક્તિગત રીતે મળેલા નહીં, આરોપીના પતી સમીરભાઈ તથા તેમનો દિકરો ઈન્કમટેક્ષનુ કામ કરવા માટે અવાર નવાર આવતા હતા, આંક-૧ ની ફરીયાદ તેમના વકિલશ્રીએ તૈયાર કરેલ અને જેમા તેમની સહી લિધેલ, ફરીયાદી, ચન્દ્રીકાબેન તથા ઉર્વશીબેને વચ્ચે થયેલા તમામ વહેવારો કોર્ટ સમક્ષ રજુ કરેલ છે, ફરીયાદી તથા ચંન્દ્રીકાબેનનુ લેજર સિવાય કોઈ પણ વહેવાર રજુ કરવાના બાકી રહેતા નથી, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, તમો ફરીયાદી તથા ચન્દ્રીકાબેન દ્વારા ઉર્વશીબેન પાસે થયેલા તમામ પ્રકારના વહેવારોની માહીતી ધરાવો છો ? જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, હુ ફક્ત ઉર્વશીબેનના મારી સાથે થયેલા વહેવારોની માહિતી ધરાવુ છું, ફરીયાદીને સવાલ કરવામાં આવેલ કે, રૂ. ૧૦,૦૦,૦૦૦/- પુરા ઉર્વશીબેને ચન્દ્રિકાબેનને તા.૧૯/૦૪/૨૦૧૮ ના રોજ ચુકવી દિધેલા એટલે તેમનુ અકાઉન્ટ કલીયર થઈ ગયેલ છે, જેનો ફરીયાદીએ જવાબ આપેલ કે, એની જાણકારી મને નથી, નિ. ૨૫/૦૧ વાળુ ચન્દ્રીકાબેનનુ લેઝર ફરીયાદીએ રજુ કરેલ જેની કોઈ અંગત જાત માહિતી નથી, નિ.૨૫/૦૧ વાળા લેઝરમા સહિ અને સિક્કાં નથી, તેઓ રિતેશ પટેલ કેમ્બે ગલ્ફ ટ્રેડિંગ કોર્પોર્શનના ભાગીદાર છે તેમને ઓળખે છે, કેમ્બે ગલ્ફ ટ્રેડ લીંક કોર્પોરેશનના ભાગીદારોનુ આઈટી રિટર્ન કામકાજ કરતા હતા જેમા નીચે મુજબના ભાગીદારો ૧) ઉર્વશીબેન પટેલ, ૨) દિપ્તિ જયેશભાઈ પટેલ, ૩) રિતેશભાઈ નારણભાઈ પટેલ, ૪) ધ્રુવ કિરણભાઈ પટેલ છે. જ્યારે ફરીયાદીએ અન્ય હકીકતોનો ઈન્કાર કરેલો છે.

ત્યારબાદ આંક-૩૭ થી ફરીયાદ પક્ષ તરફે સાહેદ રૂપેશભાઇ પંકજભાઇ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને સદરહું સાહેદે તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ બેન્ક ઓફ મહારાષ્ટ્ર આણંદ મુખ્ય શાખામાં ડેપ્યુટી મેનેજર તરીકે છેલ્લા ૨ મહીનાથી ફરજ બજાવે છે, તેમને આજરોજ કોર્ટનો સમંસ મળતા સમન્સમાં જણાવ્યા મુજબના બેન્ક એકાઉન્ટ નંબર -૨૦૦૫૩૪૦૨૭૦૦ બચતખાતાના (સીસીઓડી એકાઉન્ટ) સને ૨૦૧૪ થી ૨૦૨૩ સુધીનુ બેન્ક સ્ટેટમેન્ટ તથા

ચેકનં-૨૧૧૩૬૯ ડીપોજીટ કરવામા આવેલ તથા તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ રીટર્ન કરવામાં આવેલ તે અંગેના ચેક રીટર્ન ડીલીવરી રજીસ્ટર લઇને આજરોજ આવેલ છું. આજરોજ ઉપ્રોકત બેન્ક એકાઉન્ટ સ્ટેટમેન્ટ લાવેલ તે ડી તા.૨૪/૦૬/૨૦૧૪ નવીન એન્ડ કંપનીના નામનુ છે. તેઓ આ સ્ટેટમેન્ટ જોઈને જણાવે છે કે તા. ૨૪/૦૬/૨૦૧૪ ના રોજ આ ખાતામાથી રૂ. દશ લાખનુ આરટીજીએસ કરવામાં આવેલ છે. આ આરટીજીએસ ઉર્વશીબેન પટેલને કરવામાં આવેલ છે જે રકમ ડી નવીન એન્ડ કંપનીના ખાતામાંથી ઉધારવામાં આવેલ છે જે સ્ટેટમેન્ટ બેન્કમાથી કંપ્યુટરાઈઝ ઉતારો કાઢી બેન્કના સહી સિક્કા કરેલ છે જે તેઓ રજુ કરે છે જે આંક-૩૮ થી રજુ છે. તેઓ ચેક રીટર્ન ડીલીવરી રજીસ્ટર લાવેલ છે જેમાં ડી નવીન એન્ડ કંપનીને ચેકનં-૨૧૧૩૬૯ તા.૧૪/૧૨/૨૦૨૧ ના રીટર્ન મેમો સોપેલાનું જણાવેલ છે જે રજીસ્ટરની ઝેરોક્ષ અને તેમાં બેન્કના સહી સિક્કા છે જે આજરોજ રજુ કરે છે જે આંક-૩૯ થી રજુ છે. જ્યારે સદરહું સાહેદે આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, કોઈ કંપનીનુ ખાતુ ખોલવાનુ હોય તો તેના અન્ય ડીરેક્ટરોની સંમતિ હોવી જોઈએ કે તેનો ઠરાવ હોવો જોઇએ, હાલના ફરીયાદીના ખાતુ ખોલતી વખતે આવો કોઈ ઠરાવ કે સંમતિ લેવામાં આવેલ છે કે કેમ તેવુ તેઓ રેકર્ડ જોઈને કહી શકે, કોઇ કંપનીના એક કરતા વધુ ખાતેદારો હોય તો બેન્ક એકાઉન્ટ કોની સહિથી ચલાવવામાં આવશે તે અંગેનો આધાર ખાતુ ખોલતા સમયે લે છે, તા.૨૪/૦૬/૨૦૧૪ ના રોજ કરેલ આરટીજીએસ તેમની રુબરૂ થયેલ નથી, ઉપર જણાવ્યા મુજબના વહેવારની તેમને જાત માહિતી નથી, ફરીયાદવાળો ચેક તેમની બેન્કમા ભરાયેલ અને તે રીટર્ન થયેલો એ અંગેની તેમને જાતમાહીતી નથી, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, રેકર્ડ ઉપરથી જણાવી શકે. જ્યારે સદરહું સાહેદે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૧૩) જ્યારે આ કામે આરોપી પક્ષે આંક-૫૬ થી સાહેદ પ્રિન્જલભાઇ જ્યંતિભાઇ સોનારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને સદરહું સાહેદે તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આણંદની વલ્લભ વિદ્યાનગર એકસ્સી બેક બ્રાન્ચમાં ડેપ્યુટી મેનેજર તરીકે

છેલ્લા ૩ વર્ષથી ફરજ બજાવે છે, આજરોજ તેમને કોર્ટનો સમન્સ આવતા તેમાં જણાવેલ વિગત સેવિંગ્સ એકાઉન્ટ નં. ૯૧૦૦૧૦૦૧૯૮૧૫૮૮૫ છે જે પટેલ ઉર્વશીબેન સમીરકુમારના નામું છે તે ખાતાનું સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટના ઉતારાની ખરી નકલ લઇને આવેલ જે તા. ૧૨/૦૩/૨૦૧૫ ના રોજનો ચેક નં. ૨૭૨૬૫૯ નો રૂ. ૧૦,૦૦,૦૦૦/- નું આર.ટી.જી.એસ. નવીનભાઇ એસ. પટેલને કરવા માટે આપેલો. આ રકમ નવીનભાઇ એસ. પટેલના ખાતામાં જમા થયેલ છે. તેમની સાથે લાવેલ ઉર્વશીબેનના ખાતાની ખરીનકલ તથા ઉર્વશીબેને આરટીજીએસ કરવા આપેલ ચેક છે તથા બેનીફીશ્યરી એકાઉન્ટની ડીટેઇલ્સ લાવેલ છે જે તમામ અસલ પરથી નકલ કરેલ છે જેમાં તેમની બેંકનો સિક્કો અને તેમની સહી છે. આ બંન્ને દસ્તાવેજો રજુ કરે છે જે આંક-૫૭ થી ૫૯ સુધી રજુ છે. જ્યારે સદરહું સાહેદે ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, તેમને આંક-૫૦ બતાવતા જે જોઇને કહે છે કે, રીમાર્કીંગ સ્ટેટમેન્ટમાં નવીનભાઇ એસ. પટેલનું નામ લખેલ છે, નવીનભાઇ એસ. પટેલનો ઉલ્લેખ કરેલ હોય, નવીનભાઇ એસ. પટેલ એચ.યુ.એફ. ના વહીવટકર્તા તરીકેનું ખાતું હોય તેવો ઉલ્લેખ કરેલ નથી, આંક-૫૦ અને ૫૧ ના ડોક્યુમેન્ટમાં કોઇ રકમનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, તેમને આંક-૫૭ વાળું સ્ટેટમેન્ટ બતાવતા જે જોઇને કહે થછે કે, ચંન્દ્રીકાબેન નવીનભાઇ પટેલ દ્વારા તા. ૧૨/૦૩/૨૦૧૫ ના રોજ રૂ. ૧૦,૦૦,૦૦૦/- ઉર્વશીબેન પટેલને આર.ટી.જી.એસ. મારફતે ટ્રાન્સફર કરવામાં આવેલા, આર.ટી.જી.એસ. એપ્લીકેશન ફોર્મમાં નવીનભાઇ એસ. પટેલનું નામ છે, એચ.યુ.એફ.ના વહીવટકર્તા તરીકે નામ દર્શાવેલ નથી.

(૧૪) આ કામે પુરાવાની છણાવટ કરતાં ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, હાલના ફરીયાદી ઇન્કમટેક્ષ પ્રેકટીસનર્સ છે અને બેંકીંગના નિતિનિયમો વિશે માહિતગાર છે. વધુમાં તેમની પાસે ૨૦૦ થી ૩૦૦ જેટલા કસ્ટમરો છે. વધુમાં તેઓ ઇન્કમ ટેક્ષના લગતા જુદા જુદા કામો કરે છે અને તે પ્રમાણે ફી લે છે અને તેઓએ કબુલ રાખેલ છે કે, આર.બી.આઇ.ના નિયમો મુજબ એચ.યુ.એફ.ના તમામ ખાતા બંધ કરવા

પરિપત્ર થયેલ છે અને તેમની ઓફિસમાં કુલ આઠ કર્મચારીઓ છે. વધુમાં તેઓએ મહત્વની હકીકત સ્વીકારેલ છે કે, નાણાં ધિરધાર કરવા માટે લાયસન્સની જરૂર પડે, ફરીયાદના કામે વ્યાજે નાણાં બતાવેલ છે જે નાણાં ધિરધારનું લાયસન્સ રજુ કરેલ નથી, વ્યાજે નાણાં આપવા ગુન્હો બને છે જેની તેમને અંગત જાણ છે. ઉપરોક્ત પુરાવાની છણાવટ કરતા ફરીયાદી ફરીયાદના કામમાં જણાવે છે કે, તેમને કુલ રૂ. ૧૫,૮૯,૫૪૨/- લેવાના નિકળે છે તેમાંથી રૂ. ૧૦,૦૦,૦૦૦/- કે જે આરોપીએ ફરીયાદી પાસેથી હાથઉછીના લીધેલા અને જો આ રકમ પરત ન કરવામાં આવે ત્યાં સુધી માસિક ૧ % વ્યાજ ચુકવી આપવાનું બંન્ને વચ્ચે નક્કી થયેલું તે પ્રમાણે મુળ રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦/- છે વત્તા વ્યાજ રૂ. ૫,૮૯,૫૪૨/- એટલે કે, કુલ રકમ રૂ. ૧૫,૮૯,૫૪૨/- આરોપી પાસેથી ચેકની રકમ લેવાની બાકી નિકળે છે અને ઉપરોક્ત ઉલટતપાસ પ્રમાણે ફરીયાદી નાણાં ધિરધારીનું લાયસન્સ ધરાવતા નથી-

CHAPTER III

The Gujarat Money-lenders Act, 2011 *(GUJARAT ACT NO.14 OF 2011)*

[AS MODIFIED UPTO 31ST AUGUST, 2022]

S. 5. (1) No Money-Lender shall commence or carry on the business of money-lending except in the area for which he has been granted a registration and except in accordance with the terms and conditions of such registration.

(2) Non-banking finance companies registered under the provisions of the Reserve Bank of India Act, 1934, with the Reserve Bank of India shall 2 of 1934. be deemed to have been registered for the purposes of this Act and they shall intimate to the concerned Registrar about their such registration with the Reserve Bank of India in the prescribed proforma.

S. 6.(1) A person who intends to commence or to carry on the business of money-lending in any area may make an application in writing in the prescribed form for the grant of registration to the Registrar having jurisdiction.

CHAPTER VIII
RATES OF INTEREST, ASSIGNEES, ETC.

S. 33. (1) The State Government may, from time to time by notification in Limitation on the Official Gazette, fix the maximum rates of interest for any local area or rate of interest. class of business of money-lending in respect of secured and unsecured loans.

(2) No agreement between a Money-Lender and a debtor for payment of interest at rates exceeding the maximum rates fixed by the State Government under sub-section (1) shall be valid and no Court shall in any suit to which this Act applies award interest exceeding the said rates.

(3) No Money-Lender or a person advancing a loan shall make an oral or written demand or charge or receive from a debtor interest at a rate exceeding the maximum rate fixed by the State Government under sub-section (1).

તેવા કિસ્સામાં **ધી ગુજરાત મની લેન્ડર્સ એક્ટ-૨૦૧૧ ની કલમ-૬ પ્રમાણે લાયસન્સના રજીસ્ટ્રેશન માટેની જોગવાઈ છે, જ્યારે કલમ-૫ ધ્યાને લેતાં રજીસ્ટ્રેશન વગર કોઈપણ ઈસમ ધિરધાર પર વ્યાજે પૈસા આપી શકે નહીં. વધુમાં ઉપરોક્ત લાયસન્સ રજીસ્ટર્ડ થયેલ હોય ત્યારબાદ ધિરધારનો ધંધો કરનાર માટે કલમ-૩૩ મુજબ આપવામાં આવેલ પૈસા ઉપર વ્યાજ બાબતે મર્યાદા બાંધેલ છે** એટલે કે, આ કલમનું ઉલ્લંઘન કરી વધુ વ્યાજ લઈ શકાય નહીં. જ્યારે હાલના કિસ્સામાં જો રૂ. ૧૦,૦૦,૦૦૦/- ની હાથઉછીની ફરીયાદી પરત ન મેળવે ત્યાં સુધી, દર મહિને આરોપીએ રૂ. ૧૦,૦૦,૦૦૦/- ઉપર માસિક ૧ % વ્યાજ લેખે ગણીને હાલની ટોટલ રૂ. ૧૫,૮૯,૫૪૨/- ની રકમ ચેકથી દર્શાવવામાં આવેલ છે જે ઉપરોક્ત ચર્ચા કરી તે પ્રમાણે કાયદાના પ્રબંધો વિરૂધ્ધ જણાઈ આવે છે.

(૧૫) વધુમાં આ કામે બચાવ પક્ષે પોતાના બચાવમાં આંક–૫૬ થી પ્રીન્જલભાઇ જયંતીભાઇ સોનારને સોગંદ ઉપર તપાસેલ છે અને સદરહું સાહેદે તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આણંદની વલ્લભ વિદ્યાનગર એકસ્સી બેક બ્રાન્ચમાં ડેપ્યુટી મેનેજર તરીકે છેલ્લા ૩ વર્ષથી ફરજ બજાવે છે, આજરોજ તેમને કોર્ટનો સમન્સ આવતા તેમાં જણાવેલ વિગત સેવિંગ્સ એકાઉન્ટ નં. ૯૧૦૦૧૦૦૧૯૮૧૫૮૮૫ છે જે પટેલ ઉર્વશીબેન સમીરકુમારના નામું છે તે ખાતાનું સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટના ઉતારાની ખરી નકલ લઇને આવેલ જે તા. ૧૨/૦૩/૨૦૧૫ ના રોજનો ચેક નં. ૨૭૨૬૫૯ નો રૂ. ૧૦,૦૦,૦૦૦/– નું આર.ટી.જી.એસ. નવીનભાઇ એસ. પટેલને કરવા માટે આપેલો. આ રકમ નવીનભાઇ એસ. પટેલના ખાતામાં જમા થયેલ છે. તેમની સાથે લાવેલ ઉર્વશીબેનના ખાતાની ખરીનકલ તથા ઉર્વશીબેને આરટીજીએસ કરવા આપેલ ચેક છે તથા બેનીફીશ્યરી એકાઉન્ટની ડીટેઇલ્સ લાવેલ છે જે તમામ અસલ પરથી નકલ કરેલ છે જેમાં તેમની બેંકનો સિક્કો અને તેમની સહી છે. આ બંન્ને દસ્તાવેજો રજુ કરે છે જે આંક–૫૭ થી ૫૯ સુધી રજુ છે. જ્યારે સદરહું સાહેદે ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, તેમને આંક–૫૦ બતાવતા જે જોઇને કહે છે કે, રીમાર્કીંગ સ્ટેટમેન્ટમાં નવીનભાઇ એસ. પટેલનું નામ લખેલ છે, નવીનભાઇ એસ. પટેલનો ઉલ્લેખ કરેલ હોય, નવીનભાઇ એસ. પટેલ એચ.યુ.એફ. ના વહીવટકર્તા તરીકેનું ખાતું હોય તેવો ઉલ્લેખ કરેલ નથી, આંક–૫૦ અને ૫૧ ના ડોક્યુમેન્ટમાં કોઇ રકમનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, તેમને આંક–૫૭ વાળું સ્ટેટમેન્ટ બતાવતા જે જોઇને કહે છે કે, ચંન્દ્રીકાબેન નવીનભાઇ પટેલ દ્વારા તા. ૧૨/૦૩/૨૦૧૫ ના રોજ રૂ.૧૦,૦૦,૦૦૦/– ઉર્વશીબેન પટેલને આર.ટી.જી.એસ. મારફતે ટ્રાન્સફર કરવામાં આવેલા, આર.ટી.જી.એસ. એપ્લીકેશન ફોર્મમાં નવીનભાઇ એસ. પટેલનું નામ છે, એચ.યુ.એફ.ના વહીવટકર્તા તરીકે નામ દર્શાવેલ નથી. હાલની ફરીયાદ ફરીયાદી દ્વારા નવીનભાઇ એસ. પટેલ તે ડી. નવીન એન્ડ કંપનીના એચ.યુ.એફ. ના પ્રોપ્રા. તરીકે દાખલ કરેલ છે, જયારે પોતે ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, આર.બી.આઇ. નિયમો મુજબ એચ.યુ.એફ. ના તમામ ખાતા બંધ કરવા પરિપત્ર થયેલ છે જે બાબતે

ફરીયાદીએ કોઇ અસ્વીકાર કરેલ નથી. વધુમાં ફરીયાદીએ લેમેન નથી પરંતુ ઇન્કમટેક્ષના પ્રેકટીસનર છે. આંક–૦૯ વાળા ચેકમાં એકાઉન્ટ નંબર ધ્યાને લેતાં ૯૧૦૦૧૦૦૧૯૮૧૫૮૮૫ જે ઉર્વશીબેનનું ફરીયાદીના કહ્યા પ્રમાણે એકાઉન્ટ છે જે એકસીસ બેંક લીમીટેડ વલ્લભ વિદ્યાનગર શાખાનો જણાઇ આવે છે અને બચાવના સમર્થનમાં આંક–૫૬ ની સરતપાસ કે જે એકસીસ બેંક બ્રાંચના ડેપ્યુટી મેનેજર દ્વારા આપવામાં આવેલ છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે ઉર્વશીબેન સમીરભાઇ પટેલ ના નામનું સેવિંગ્સ એકાઉન્ટ નં. ૯૧૦૦૧૦૦૧૯૮૧૫૮૮૫ છે. વધુમાં તે ખાતાનું સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટના ઉતારાની ખરી નકલ કે જે તા. ૧૨/૦૩/૨૦૧૫ ના રોજનો ચેક નં. ૨૭૨૬૫૯ કે જે રૂ.૧૦,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ.થી નવીન એસ. પટેલને કરવા માટે આપેલો. આ રકમ નવીન એસ. પટેલના ખાતામાં જમા થયેલ છે અને તેના સમર્થનમાં આંક–૨૭ થી આંક–૫૯ વાળા દસ્તાવેજો રજુ રાખેલ છે. આ સાહેદની ઉલટતપાસમાં તેમને આંક–૫૦ બતાવતા જે જોઇને કહે છે કે, રીમાર્કીંગ સ્ટેટમેન્ટમાં નવીનભાઇ એસ. પટેલનું નામ લખેલ છે, નવીનભાઇ એસ. પટેલનો ઉલ્લેખ કરેલ હોય, **નવીનભાઇ એસ. પટેલ એચ.યુ.એફ. ના વહીવટકર્તા તરીકેનું ખાતું હોય તેવો ઉલ્લેખ કરેલ નથી** તેવી હકીકત કબુલ રાખેલ છે. જ્યારે આંક–૦૯ વાળો ચેક કે જેના ઉપર હાલના ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ છે **તેમાં ચેકના પૈસા મેળવનારના નામમાં ડી. નવીન એન્ડ કંપની લખેલ છે એટલે કે, ઉપર જણાવ્યા પ્રમાણેનું નામ તેમજ ફરીયાદીએ આધાર રાખેલ નામ નવીન એસ. પટેલ એચ.યુ.એફ. ના વહીવટકર્તા એવું જણાઇ આવતું નથી.** આનો મતલબ એ થાય છે કે, જો નવીન એસ. પટેલના ખાતામાં પૈસા ગયેલા ન હોય એટલે કે, ફરીયાદીને પૈસા ન મળેલ હોય તો તે મુજબનો તે તારીખનો પોતાના ખાતાને લગતો પુરાવો ફરીયાદીએ રજુ રાખેલ નથી. વધુમાં જે ચેક આંક–૦૯ વાળા ઉપર આધાર રાખેલ છે તેમાંજ એકાઉન્ટ નંબરથી પૈસા બાબતનો ચેક છે એટલે કે, એકાઉન્ટ નં. ૯૧૦૦૧૦૦૧૯૮૧૫૮૮૫ તેમજ બચાવ પક્ષ દ્વારા રજુ રાખવામાં આવેલ આંક–૫૬ ની જુબાની ધ્યાને લેતાં ઉર્વશીબેન પટેલ કે જેમાંથી પૈસા રૂ. ૧૦,૦૦,૦૦૦/– નવીન એસ. પટેલના ખાતામાં જમા થયેલ છે તેનું સેવીગ્સ ખાતા નંબર અને ઉપરોક્ત આંક–૦૯ વાળા ચેકમાં

જણાવેલ ખાતા નંબર એકસરખા છે. વધુમાં બ્રાંચ મેનેજર કે જેણે જુબાની આપેલ છે એની શાખા એકસીસ બેંક, વલ્લભ વિદ્યાનગર, આણંદ છે. જ્યારે આંક–૦૯ વાળા ચેકની બ્રાંચ ધ્યાને લેતાં એજ જણાઈ આવે છે. ત્યાંના જાણકાર બ્રાંચ ડેપ્યુટી મેનેજર કે જેઓ ત્રણ વર્ષથી ત્યાં ફરજ બજાવે છે. જે ખાતા બાબતે ફરીયાદ પક્ષે કરેલ ઉલટતપાસથી એ હકીકત પ્રસ્થાપિત થતી નથી કે, નવીન એસ. પટેલ એ હાલના ફરીયાદી નથી કારણ કે, આંક–૦૯ વાળા ચેકમાં ફરીયાદીએ ડી. નવીન એન્ડ કંપની નામથી ચેક સ્વીકારેલ છે, જ્યારે હાલની આંક–૫૬ ની ઉલટમાં ફરીયાદીએ એવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે કે, નવીનભાઈ એસ. પટેલ એચ.યુ.એફ. ના વહીવટકર્તા તરીકેનું ખાતું હોય તેવો ઉલ્લેખ કરેલ નથી. વધુમાં આના સમર્થનમાં ફરીયાદી તરફથી કામમાં કોઈ સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી.

(૧૬) વધુમાં આ કામે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ– ૧૩૯ ની જોગવાઈ ધ્યાને લેતાં જે નીચે મુજબ છે–

<u>**કલમ–૧૩૯ – ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–**</u>

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

આમ, ઉપરોક્ત પડેલ પુરાવાની છણાવટ કરતાં હાલના કામમાં બચાવ પક્ષ તરફથી તેમના બચાવમાં આંક–૫૬ થી એકસીસ બેંકના મેનેજરની જુબાની કામમાં રજુ છે તેમજ અન્ય પડેલ પુરાવો ધ્યાને લેતાં ઉપર ચર્ચા કરી તે પ્રમાણે હાલના ફરીયાદી તેમના કહ્યા પ્રમાણે રૂ. ૧૦,૦૦,૦૦૦/– લેણાના નિકળે છે અને બાકીની રકમ વ્યાજ પેટે એટલે

કે, કુલ રૂ. ૧૫,૮૯,૫૪૨/– ની રકમ માટે હાલની ફરીયાદ દાખલ કરેલી પરંતુ ધી ગુજરાત મની લેન્ડર્સ એકટ–૨૦૧૧ ધ્યાને લેતાં તેમજ ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં કરેલ કબુલાત પ્રમાણે તેમણે નાણાં ધિરધાર કરવા માટેનું લાયસન્સ મેળવેલ નથી કે રજીસ્ટ્રેશન કરાવેલ નથી. વધુમાં આંક–૫૬ ની જુબાનીથી તેમજ તેના સમર્થનમાં રજુ કરવામાં આવેલ દસ્તાવેજોથી આરોપી પક્ષને મદદરૂપ થાય છે તેમજ એન.આઇ. એકટની કલમ–૧૩૯ પ્રમાણે રીબર્ટેબલ પ્રિઝમ્પશન રીબર્ટ તેમજ પોતાના પક્ષમાં કરવામાં આરોપી સફળ રહ્યા છે અને ત્યારબાદ સાબિતીનો બોજો એટલે કે ઓનસ ઉપરોક્ત સંજોગો પ્રમાણે ફરીયાદીના માથે શીફ્ટ થયેલ છે અને જે ડીસ્ચાર્જ કરવાની ફરીયાદ પક્ષની પ્રાથમિક જવાબદારી હોય પરંતુ ફરીયાદ પક્ષે તે ડીસ્ચાર્જ કરવામાં નિષ્ફળ ગયેલ છે એવું મારૂં વિનમ્રપણે માનવું છે.

(૧૭) વધુમાં આ કામે બંન્ને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો વિગતે સાંભળી તેમજ બચાવ પક્ષ તરફે રજુ રાખવામાં આવેલ ઓથોરીટીઓ આરોપી પક્ષને મદદરૂપ થાય છે. જ્યારે ફરીયાદ પક્ષે કરવામાં આવેલ દલીલ ઉપરોક્ત ચર્ચા પ્રમાણે ફરીયાદ પક્ષને મદદરૂપ થતી નથી તેમજ ફરીયાદી પોતાની ફરીયાદ મુજબનું લેણું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ પોતાની ફરીયાદ મુજબનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>–// આખરી હુકમ //–</u>

(૧) આ કામના આરોપી ઉર્વશીબેન સમીરકુમાર પટેલ, ઉ.વ.આ. ૪૪, રહે. ઠે. ૭, આર્યનગર, અમુલ ડેરી રોડ, આણંદ–૩૮૮૦૦૧ નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ– ૨૫૫(૧) સાથે વાંચતા બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૮(૧) ની જોગવાઇ અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૭(એ) સાથે વાંચતા બી.એન.એસ.એસ.ની કલમ– ૪૮૧ ની જોગવાઇ મુજબના રૂ. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા જાત મુચરકા આપવા.

હુકમ આજ રોજ તા. ૦૮, માહે– ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ– આણંદ.
તા. ૦૮/૦૮/૨૦૨૬

(ક્રિશ શ્રીચંદ માખીજા)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ
આણંદ.
GJ-00668

આર.બી. પરમાર, ગુજ. સ્ટેનો. ગ્રેડ-૨. આણંદ.